અરવલ્લી જિલ્લામાં ગૌરીવ્રતની ઉજવણીના આજે અંતિમ દિને બાલિકાઓએ મોડાસાના મોટી ઈસરોલ ગામમાં લગ્નનું ફુલેકુ ફેરવવામાં આવ્યુ હતું. બલિકાઓને વર-વધુને વેશમાં ફુલેકામાં વાજતેગાજતે ફેરવી સાંજે લગ્નવિધી કરાઈ હતી. તે પછી રાત્રી જાગરણ કર્યું હતું. ગૌરીવ્રત ઉજવણીનો બલિકાઓમાં અનેરો ઉત્સાહ વર્તાતો હતો.

આબુમાં રીંછનો હુમલો : ઈજાગ્રસ્તને હોસ્પિટલમાં ખસેડાયા

પાલનપુર, તા. ૩૧

આબુ ગુજરાતનું કાશ્મીર ગણાય છે. અહીંનું વાતાવરણ કુદરતી પહાડોવાળુ હોઈ અહીં વન્યજીવો પણ વસે છે. આ વિસ્તાર અરાવલીના પહાડો પર આવેલું હોઈ અહીં લોકો આબુ ફરવા અને અહીંનો કુદરતી નજારો જોવા અચુક આવતા હોય છે. આજે આબુમાં અચલગઢ મંદિર પાસે સવારે પાસેના ગામનો મજુર અહીં મજૂરી કરવા આવતા તે અહીં રીંછનો શિકાર બન્યો હતો અને તેને ઘાયલ અવસ્થામા ગ્લોબલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આજે અચલગઢ પાર્કિંગ પાસે સવારે પાસના ટાંકલા ગામનો રહેવાસી હરિયાભાઈ બાપજીભાઈ ગરાસિયા આબુના અચલગઢ ગામ ખાતે મજૂરી અર્થે આવ્યો હતો ત્યારે પાછળથી રીંછે હુમલો કરી આ યુવકને ઘાયલ કરી નાખ્યો હતો. આ પહેલા પણ આબુમા રીંછનો માણસ પર હુમલાઓના બનાવો બનતા છે, રીંછના હુમલાથી યુવકે બુમાબુમ કરતા આસપાસના લોકો દોડી આવ્યા હતા અને રીંછ જંગલમા ભાગી ગયુ હતુ. ઘાયલ યુવકને એમ્બ્યુલન્સ દ્વારા ગ્લોબલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો અને ત્યારબાદ વન વિભાગના કર્મચારીઓ પણ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા.

મોડાસામાં પોલીસતંત્રની ટ્રાફિક અંગેની અમલવારી

ડંડો ઉગામતા રાજમાર્ગોનું અસ્તિત્વ દેખાયું : મોડાસાના મુખ્યમાર્ગો પર લારી-ફેરિયાઓવાળા અને પાથરણાવાળાને હટાવ્યા, વાહનોને ડિટેઇન કર્યા

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં દિન પ્રતિદિન ટ્રાફિકમાં નોંધપાત્ર વધારો થતા લોકો માટે માથાનો દુખાવો બની રહેતા રાહદારીઓ અને વાહનચાલકો તોબા પોકારી ઉઠ્યા હતા. મોડાસાના રાજમાર્ગો પર લારી-ફેરિયાઓ અને પાથરણાવાળાઓએ અડધા રોડ સુધી કબ્જો જમાવી દેતા અને વાહનચાલકો મનફાવે તેમ આડેધડ પાર્કિંગ કરવાના પગલે ટ્રાફિકજામ દ્રશ્યો છેલ્લા કેટલાક વર્ષોથી યથાવત રહેતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. પોલીસતંત્રની અને નગરપાલિકાની નબળી કામગીરીથી લોકોમાં રોષ જોવા મળતા અને હાલમાં નવનિયુક્ત જિલ્લા પોલીસ વડાના મુખ્ય પડકાર તરીકે મોડાસા શહેરની ટ્રાફિક સમસ્યાના સમાચાર "ગાંધીનગર સમાચારમાં" પ્રસિદ્ધ થતા લોકોની સમસ્યાને વાચા મળતા અને ટ્રાફિક અમલવારી અંગે પોલીસતંત્ર દ્વારા શખ્ત કાર્યવાહી કરતા શહેરના રાજમાર્ગોનું અસ્તિત્વ દેખાતા અને ટ્રાફિક સમસ્યા હલ થતા પ્રજાજનોમાં આનંદ છવાયો હતો.

મોડાસા શહેરના મુખ્યમાર્ગો ચાર રસ્તાથી મખદૂમ ચોકડી, ડીપ રોડ, મેઘરજ રોડ અને માલપુર રોડ પર અડિંગો જમાવી ઉભા રહેતા શાકભાજી, ફૂટ સહીત કટલરી ચીજવસ્તુઓ વેંચતા લારી-ફેરિયાવાળા અને પાથરણા વાળાઓ અડધા રોડને બાનમાં લેતા અને મોડાસા શહેરમાં કામકાજ અર્થે આવતા વાહનચાલકો શોપિંગ સેન્ટર બહાર મનફાવે તેમ આડેધડ વાહન પાર્ક કરી જતા રહેતા ગંભીર ટ્રાફિક સમસ્યા ઘર કરી જતા માર્ગો પરથી પસાર થતા દૈનિક વાહનચાલકો અને પગપાળા પસાર થતા શહેરીજનો ટ્રાફિકની અવ્યવસ્થાનો સામનો કરવો પડતા લોકો તોબા પોકારી ઉઠતા ટ્રાફિકની સમસ્યા અંગે ગાંધીનગર સમાચારે અહેવાલ પ્રસિદ્ધ કરતા પોલીસતંત્ર હરકતમાં આવી લારી-ફેરિયાવાળા, પાથરણા વાળા અને આડેધડ પાર્કિંગ કરતા વાહનચાલકો સામે શખ્ત કાર્યવાહી કરતા મુખ્યમાર્ગો પહોળા બનતા અને ટ્રાફિકની સમસ્યા હલ થતા શહેરીજનોએ હાશકારો અનુભવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લા પોલીસવડા સહીત મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં અને ટ્રાફિક પોલીસ અધિકારી દ્વારા શહેરની ટ્રાફિક સમસ્યા હલ કરવા શખ્ત કાર્યવાહી બાદ અમુક સમયબાદ ભુલાઈ જતી હોવાથી સમસ્યા ઠેરની ઠેર જોવા મળે છે.

મોડાસાના દુકાનદારો, ફેરિયાઓ પાસેથી હપ્તો લેતા હોવાની બુમ

મોડાસા શહેરના રાજમાર્ગો પર દુકાનદારો લારી-ફેરિયાઓ પાસેથી દૈનિક હપ્તો લઈ છત્રછાયા પુરી પાડતા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. દુકાનદારો તેની દુકાન બહાર જગ્યા પ્રમાણે દૈનિક રૂ. ૩૦૦ થી રૂ. ૫૦૦ લારી-ફેરિયાવાળા પાસેથી ઉઘરાવતા હોવાનું એક ફેરિયાએ નામ ન આપવાની શરતે જણાવી દુકાનદારો અને પોલીસતંત્ર દ્વારા શોષણ થતું હોવાનો સનસનીખેજ આક્ષેપ પણ કર્યો હતો. લારી-ફેરિયાઓ પાસેથી હપ્તો ઉઘરાવતા દુકાનદારો સામે દંડનીય કાર્યવાહી કરવાની માંગ લોકોએ કરી હતી.

પ્રાંતિજ નગરપાલિકામાં સામાન્ય સભામાં હોબાળો

સત્તા પક્ષ હોબાળો થતા સભાખંડ છોડીને બહાર નિકળી ગયો : ભાજપ- કોંગ્રેસ મુદો ઉછળતાં તુતુ-મેમે : શાબ્દીક યુધ્ધ : વિપક્ષ સભા સમય સુધી સભાખંડમાં બેસી રહ્યો

પ્રાંતિજ તા.૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકા ની સામાન્ય સભા મળી હતી જેમાં સભામાં હોળાળો થયો ભાજપ- કોંગ્રેસ નો મુદ્દો ઉછળતા હોબાળો તો સત્તાપક્ષ સભાખંડ છોડીને બહાર નિકળી ગયો હતો .

પ્રાંતિજ ખાતે નગરપાલિકા ની સામાન્ય સભા મળી હતી જેમાં ચાલું સભાએ ભાજપ- કોંગ્રેસ વચ્ચે હોબાળો થતાં તુતુ-મેમે શાબ્દીક યુધ્ધ સર્જાયું હતું તો ભાજપ- કોંગ્રેસ નો મુદ્દો ઉછળતા વિપક્ષ- સત્તા પક્ષ વચ્ચે બોલા ચાલી થતાં સત્તાપક્ષ સભાખંડ માંથી બહાર નિકળી ગયા હતાં તો વિપક્ષ ના સભ્યો સભા પુર્ણ થાય ત્યાં સુધી સભાખંડમાં બેસી રહ્યાં હતાં.

દિપ્તીબેન બ્રહ્મભટ્ટનું શું કહેવું છે

આજે નગરપાલિકા માં સામાન્ય સભા યોજાઇ હતી જેમાં ૧થી૩ મુદ્દાઓ ઉપર ચર્ચાઓ થઈ હતી તે દરમ્યાન ભાજપ- કોંગ્રેસ મુદ્દાઓ ઉપર હોબાળો થતાં આજે સતા પક્ષ સભા છોડી ને બહાર નિકળી ગયા હતા તો અમે સભા પુર્ણ થઈ ત્યાં સુધી અમે વિપક્ષ ના સભ્યો સભા ખંડમાં બેંસી રહ્યાં હતાં.

ગીતાબેન પટેલ (નગરપાલિકા પ્રમુખ)

આજ રોજ સામાન્ય સભા મળી હતી જેમાં વિકાસ ના કામો ચર્ચાઓ થતાં વિરોધપક્ષ ના વાંધાઓ નોંધી સત્તા પક્ષે ના મંજુર કરી અને વિકાસ ના કામોને બહુમતી મંજુરી આપી સભા પુર્ણ કરી અમે સભા ખંડ માંથી નિકળી ગયાં હતા.

પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં વીજ પુરવઠાના ધાંધીયા

બે મહિનાથી વીજપુરવઠો ડીમ ફુલ થતાં વીજ ઉપકરણો બળી જાય છે : વિજકંપનીમાં રજુઆત છતાં વીજકંપની દ્વારા આજનું કાલ થઇ રહ્યું છે

પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં છેલ્લા બે મહિનાથી વીજ ધાંધીયાને લઈને પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં વીજ ઉપકરણો બળી જવાના બનાવો બન્યાં છે. વીજ કંપનીમાં રજુઆત કરવા છતાં આજનુ કાલ ને કાલનું આજ થાય છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં છેલ્લા બે મહિનાથી અવારનવાર લાઇટો ચાલુ બંધ વધઘટ થતાં પોલીસ સ્ટેશનમાં રહેલ વીજ ઉપકરણો બળી જવાના બનાવો બનવા પામ્યાં છે. કોમ્પ્યુટરો વિજ પ્રવાહ વધઘટ થતાં ચલાવી શકાતાં નથી. વિવિધ યંત્રો ચલાવવામાં મુશ્કેલી ઉભી થાય છે જેથી ઓનલાઈન જેવા કામો પણ થઈ શકતાં નથી. આ અંગે વીજ કંપનીમાં રજુઆતો કરવા છતાં આજનું કાલ ને કાલનું કાલ થઈ રહ્યું છે. હાલ તો વિજકંપની દ્વારા કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી પોલીસ માંગ ઉઠવા પામી છે.

ધાનેરા તાલુકામાં આશિયા રોડની સાઈડ બાંધવામાં દેખાતો ભષ્ટાચાર

ધાનેરા, તા.૩૧

ભષ્ટાચાર ની હદ ધીમેધીમે વધતીજાય છે નાંનાં કામો માં પણ ભષ્ટાચાર કરી ગજવા ભરવાની વાતો થાય છે. ધાનેરા તાલુકાનાં આશિયા ગામમાં જતો રોડ વરસાદ માં ધોવાણ ના થાય તે સંદર્ભે સાઈડો બાંધવાનું કામ થયેલ છે પરંતુ રોડ ની સાઈડ માં પથ્થરો,રોડ ઉપર દેખાય છે જેમ તેમ નાખીને કામ લપેટ્યુ છે રોડ ની સાઈડ પર જે રીતે કામ થાય છે તેવું કામ કરવામાં આવેલ નથી વળી વચ્ચે વચ્ચે જગ્યાઓ છોડી ને તેમનું રોડ સાઈડ નું માપ પૂર્ણ કરી દીધું છે આ બાબતે રોડ ની સાઈડ માં રહેતા લોકો એ પણ ખરાબ કામની રાડ ઉઠવાં પામી હતી સરકાર શ્રી નાં રેકર્ડ પર ખોટા બીલો બનાવી અને ભષ્ટાચાર કરતી P.W.D.શાખામાં બીજો કેટલો ભષ્ટાચાર થતો હશે તે તપાસ નો વિષય છે આ બાબતે રૂબરૂ તપાસ થાય અને ભષ્ટાચાર નાં બીલો અટકે તેવી લોકો ની માંગ છે.

ધાનેરા માંથી ધોળા દિવસે યુવક બોલેરો કેમ્પર ની ચોરી કરી ભાગ્યો

પકડાઈ જવાની બીકે બેફામ ગાડી હંકારી શાળાના બાળકો સહીત અન્ય લોકોને પણ લીધા અડફેટે : ગાડી કરિયાણા દુકાનમાં ઘુસી જતા ચોર પકડાયો લોકોએ ચોર ની કરી ધુલાઈ

ધાનેરા, તા. ૩૧

ધાનેરા માંથી ધોળા દિવસે બોલેરો કેમ્પર ગાડી ની ઉઠાંતરી કરી યુવક ભાગ્યો હતો અને તે પકડાઈ જવાના ડરે શાળાના વિદ્યાર્થીઓ સહીત અન્ય લોકોને અડફેટે લીધા હતા અને તે બાદ ગાડી કરિયાના ની દુકાન માં ઘુસી જતા ગાડી ચોર ઈસમ પકડાઈ જવા પામ્યો હતો અને પકડાયેલા ઈસમ ને લોકોએ મેથીપાક ચખાડી ધાનેરા પોલીસ ને સોંપ્યો હતો

ધાનેરા સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લા માં વાહન ચોરી ના બનાવો માં દિનપ્રતિદિન વધારો જોવા મળી રહ્યો છે ત્યારે હવે તો ધોળા દિવસે પણ વાહનો ની ઉઠાંતરી થતા લોકોમાં ભારે ભય નો માહોલ જોવા મળી રહ્યો છે. ધાનેરા તાલુકા પંચાયત નજીક પડી રહેલી GJ 12 Y 1115 નંબરની બોલેરો કેમ્પર ગાડી પાંચ વાગ્યા ના સમયે કોઈ અજાણ્યો ઈસમ ચોરી ને ભાગ્યો હતો અને આ ઈસમ પકડાઈ ન જાય તે માટે ભર બજારે બેફામ ગાડી લઈને ભાગતા લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા ,,,,,,,પાંચ વાગ્યા ના સમયે શાળા છૂટતા બાળકો પણ રસ્તા ઉપર થી પસાર થઈ રહ્યા હતા તે સમયે આ ચોરે બે બાળકો સહીત અન્ય લોકોને અડફેટે નાની મોટી ઈજા થવા પામી હતી અને તે બાદ આ ચોરે એક કરિયાણા દુકાન માં ગાડી ઘુસાડી દેતા કરિયાણા નો માલ સમાન રસ્તા ઉપર વેરાયો હતો અને આ ઈસમ ને લોકોએ ઝડપી તેની ધુલાઈ કરી હતી અને તે બાદ ધાનેરા પોલીસ ને જાણ કરતા ધાનેરા પોલીસ પણ તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચી અને ચોર ઈસમ સહીત ગાડી ને ધાનેરા પોલીસ મથક માં લાવી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે

મોડાસાની એપલ સીટી ફ્લેટમાં ધોળે દહાડે

તસ્કરો ૨.૬૪ લાખની લૂંટ ચલાવી ફરાર

મોડાસા, તા. ૩૧

અરવલ્લી જીલ્લા પોલીસ વડા મયુર પાટીલને હાજર થયાને ૪ દિવસના સમયગાળા દરમિયાન જીલ્લા પોલીસતંત્રની કામગીરી સામે અનેક સવાલ પેદા કરતી ઘટનાઓ બનતા પોલીસબેડામાં હડકંપ મચ્યો છે. જીલ્લા પોલીસતંત્ર માટે હાલ એક સાંધે ત્યાં તેર તૂટે જેવી સ્થિતિ પેદા થઈ છે. જીલ્લા પોલીસવડા મયુર પાટીલને ધાડપાડુઓ ચેલેન્જ આપતા હોય તેમ શામળાજી પોલીસ સ્ટેશનની હદમાંથી કન્ટેનરમાંથી વિદેશી દારૂની લૂંટની શાહી હજુ સુકાઈ નથી ત્યાં સોમવારે બપોરે મોડાસાના ડીપ વિસ્તારના સિદ્ધિ વિનાયક મંદિર નજીક આવેલી એપલસીટી ફ્લેટમાં ભર બપોરે ધાડપાડુઓ ત્રાટકી ત્રીજામાળે આવેલ ફ્લેટનો દરવાજો તોડી ૨.૬૪ લાખના મુદ્દામાલની લૂંટ ચલાવી તસ્કરો પલાયન થતા ચકચાર મચી હતી. પાડોશીએ મકાન માલિકને જાણ કરતા દોડી આવ્યા હતા અને ઘરમાં રહેલ રોકડ રકમ સહીત સોના ચાંદીના દાગીનાની લૂંટ થતા આભ તૂટી પડ્યું હતું. ચોરીની ઘટનાની જાણ પોલીસને થતા દોડી આવી તપાસ હાથ ધરી હતી. ધાડપાડુઓ સીસીટીવી કેમેરાનું ડીવીઆર લઈ ફરાર થઈ જતા કોઈ જાણભેદુનો ચોરીના પ્રકરણમાં હાથ હોવાની શંકા પોલીસતંત્ર દ્વારા ધ્યાને રાખી તે દિશામાં તપાસ ચલાવી રહ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

મોડાસાની દવાની દુકાનમાં નોકરી કરતા અને સ્કૂલવાન ચલાવી જીવનનિર્વાહ ચલાવતા મોહનભાઈ સોમાભાઈ ગરાસિયા એપલસીટી ફ્લેટના ત્રીજા માળે રહે છે. સોમવારે તેમની પત્ની સાથે નોકરી જતા બપોરના સુમારે બંધ ફ્લેટના દરવાજાનો નકુચો તોડી ફ્લેટમાં પ્રવેશી તિજોરી અને કબાટનું તાળું તોડી તથા રાચરચીલામાં તોડફોડ મચાવી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂ.૨.૬૪ લાખના મુદ્દામાલની લૂંટ ચલાવી ફરાર થઈ જતા આ અંગેની જાણ મકાનમાલિકને પાડોશીએ કરતા પતિ-પત્ની ઘરે દોડી આવ્યા હતા. ઘરમાં રહેલ કિંમતી દાગીના અને રોકડ રકમની લૂંટ થયાનું જણાતા બેબાકળા બન્યા હતા અને પોલીસ તંત્ર ને જાણ કરતા પોલીસ ફ્લેટ પર દોડી આવી પ્રાથમિક તપાસ હાથ ધરી ફરિયાદ નોંધી ચોર લૂંટારુ ગેંગને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મોહન ગરાસિયા અને તેની પત્ની ખાનગી સ્થળે નોકરી કરી કરકસર કરી બચાવેલા રૂપિયા અને સોના-ચાંદીના સહીત ૩ લાખ રૂપિયા જેટલી લૂંટ થતા ચિંતામાં સરી પડ્યા હતા અને ચોર લૂંટારુ ગેંગને પોલીસતંત્ર દ્વારા ઝડપી પાડી તેમનો ચોરીનો મુદ્દામાલ પાછો મેળવવા ભારે હૈયે રજુઆત કરી હતી.